# <u>અખબારી યાદી</u>

સ્માર્ટ સીટીને આગળ ધપાવવા તેમજ Digital India Initiative અંતર્ગત સમગ્ર ભારતમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌ પ્રથમ રાજકોટ બી.આર.ટી.એસ. બસસર્વિસમાં SMART Ticketingના ભાગરૂપે wallet payment અંતર્ગત Paytm મોબાઈલ એન્ડ્રોઈડ એપ્લીકેશનથી સ્માર્ટ ટીકીટીંગ (વરચ્યુઅલ ટીકીટીંગ)નો શુભારંભ રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રી જૈમનભાઈ ઉપાધ્યાય દ્વારા તા. ૦૧/૦૯/૨૦૧૬ ના સવારે ૧૦.૦૦ કલાકે નાનામવા સર્કલ બી.આર.ટી.એસ. બસ સેલ્ટર ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના ડે.મેયર શ્રી દર્શતાબેન શાહ , સ્થાયી સમિતિના ચેરમેર શ્રી પુષ્કરભાઈ પટેલ , રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી વિજય નહેરા , ડે. કમિશ્નરશ્રી આર. જે. હાલાણી તથા ચેતનભાઈ નંદાણી તેમજ બહોળી સંખ્યામાં પદાધિકારીશ્રીઓ , કોપર્ોરેટરશ્રીઓ તથા કર્મચારીઓ ઉપસ્િથત રહેલ હતા.

આ સેવા ટુંક સમયમાં એપલ એપ્લીકેશન પર પણ ઉપલબ્ધ થશે. આ સેવાથી મુસાફરો ને ટીકીટ ખરીદ કરવા લાઈનમાં ઉભા રહેવા કે છુટા પૈસાના પ્રશ્નમાંથી મુકિત મળશે. Paytm કંપનીની અપડેટેડ એન્ડ્રોઈડ એપ્લીકેશનથી QR Code નો ઉપયોગ કરીને સ્માર્ટ ટીકીટ (વરચ્યુઅલ ટીકીટ) ખરીદી શકશે. જે અંગે આગામી છ (૦૬) મહિના સુધી મુસાફરોને બસ ટીકીટ સિવાય કોઈ જ વધારાનો ચાર્જ ચુકવવાનો થશે નહીં. આ પ્રસંગે મેયરશ્રી દ્વારા લોકોને બહોળી સંખ્યામાં આ સેવાનો લાભ લઈ સાથે સાથે શહેરને ગ્રીન બનાવવાના પ્રયાસરૂપે ટિકિટના કાગળની બચત થતા વૃક્ષા બચાવવામાં પણ સહયોગ આપવા અનુરોધ કરવામાં આવેલ.